કેસ રજુ તા. ૦૬–૧૦–૨૦
દાખલ તા. ૦૬–૧૦–૨૦
ફેંસલ તા. ૩૦–૦૪–૨૬
અવધિઃ– <u>વર્ષ માસ દિવસ</u>

**બોટાદ જીલ્લા અદાલતના મે. એડી. સેશન્સ જજ તથા**
**સ્પે. પોક્સો જજ સાહેબશ્રીની કોર્ટમાં,**
**તા. જી. બોટાદ.**

સ્પે. પોક્સો કેસ નં. ૩૬/૨૦૨૦
આંક–

**ફરીયાદીઃ–** શ્રી સરકાર.

**વિરૂધ્ધ**

**આરોપીઃ–** વિરલભાઈ મનુભાઈ વાળા,
ઉ.વ.આ. ૨૨, ધંધો–ગેરેજ,
રહે. બોટાદ કાદરશેઠની વાડી,
તા.જી. બોટાદ.

-------------------------------------------

**ગુનોઃ–** ઈ.પી.કો. કલમ–૩૫૪ (એ) તથા પોક્સો એક્ટની કલમ –૮, ૧૨ મુજબનો ...

-------------------------------------------

-------------------------------------------

ફરીયાદી તરફે વિદ્ધાન એ.પી.પી.શ્રી – કે. એમ. મકવાણા.
આરોપી તરફે વિદ્ધાન વકીલશ્રી – આર.એમ.મકવાણા.

-------------------------------------------

**–: ચુકાદો :–**

**૧.)** ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત નીચે મુજબ છે.

આ કામના ફરિયાદી/ભોગબનનાર કે જેની જન્મ તારીખ ૨૭/૦૪/૨૦૦૪ છે તેણી સગીરવયની હોવાનુ જાણવા છતાં આરોપીએ તા.૨૨/૦૬/૨૦૨૦ ના રોજ સવારના સમયે ભોગબનનાર ઘરે એકલી હાજર હતી ત્યારે ભોગબનનારને જોઈને એક કાગળની ચિઠ્ઠી નાખેલ અને આરોપીનો મોબાઈલ નંબર હોવાનો ઈશારો કરેલ. જેથી ભોગબનનારે તેની ફઈબા સવુબેનના મોબાઈલ

ફોન પરથી આરોપીના મોબાઈલ પર ફોન કરીને કહેલ કે, આરોપીએ તેના ઘરમાં કે તેની તરફ તેવા કોઈ નંબરની ચિઠ્ઠી નાખવી નહી તેમ છતાં આરોપી માનેલ નહી. આરોપી તા.૨૫/૦૬/૨૦૨૦ ના રોજ સવારે દસેક વાગ્યાના સુમારે ભોગબનનાર તેના ઘરે એકલી હતી ત્યારે તેના ઘરે જઈ તેણીનો હાથ પકડી તેણીની છેડતી કરવા લાગેલ અને તે સમયે ભોગબનનારની બહેન અનિતા તેમના ઘરે આવી જતાં આરોપી તેને જોઈને ઘરમાંથી ભાગી ગયેલ. આમ, આરોપીએ ભોગબનનારની મરજી વિરૂદ્ધ તેણીનો હાથ પકડી તેણીની છેડતી કરી, આરોપીએ ગુનો આચરેલ.

સદરહુ ગુના અંગેની ફરિયાદ હકીકત ફરિયાદીએ જાહેર કરતાં પોલીસ સ્ટેશનનાં જવાબદાર અધિકારીએ ફરિયાદીની ફરિયાદ નોંધી લઈ ક્રિ.પ્રો.કો.કલમ – ૧૫૭ મુજબનો રિપોર્ટ જાહેર કરી ગુ.રજી.નં. ફર્સ્ટ–૧૧૧૯૦૦૦૨૨૦૧૯૧૬/૨૦૨૦ થી ગુન્હો દાખલ કરાવી ગુન્હાની તપાસ હાથ ધરેલ.

**૨.)** આરોપી વિરૂદ્ધ ઉપર મુજબનો ગુન્હો દાખલ થતાં તપાસ કરનાર અમલદારે પૂરતી તપાસ કરી, આરોપીની અટક કરી જ્યુડિશીયલ કસ્ટડીમાં મોકલી આપેલ.

**૩.)** તપાસ કરનાર અમલદારે તપાસ દરમિયાન લાગતા–વળગતાં સાહેદોનાં નિવેદનો નોંધેલા તેમજ ક્રિ.પ્રો.કો. કલમ – ૧૬૪ મુજબ ભોગબનનારનું નિવેદન નોંધવા માટે કાર્યવાહી કરેલી, અને ત્યારબાદ આરોપી વિરૂદ્ધ પૂરતા પુરાવા જણાય આવતાં આરોપી વિરૂદ્ધ અત્રેની કોર્ટમાં ચાર્જશીટ કરેલું.

**૪.)** ઉપર મુજબનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ થતાં તેને સ્પેશ્યલ (પોક્સો) કેસ નં. ૩૬/૨૦૨૦ આપવામાં આવેલ. ત્યારબાદ સદરહુ કેસની ઈન્સાફી કાર્યવાહી શરૂ થતાં શ્રી સરકાર તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિદ્વાન વકીલ શ્રી આર.એમ.મકવાણા હાજર થયેલા.

**૫.)** શ્રી સરકારપક્ષે આરોપી વિરૂદ્ધનો કેસ પુરવાર કરવા માટે આંક – ૦૫ નાં લીસ્ટથી દસ્તાવેજી પુરાવા રજુ કરેલા. ત્યારબાદ મારા પુરોગામી વિદ્વાન ન્યાયાધીશશ્રીએ આરોપી વિરૂદ્ધ આંક – ૧૦ થી તહોમતનામુ ફરમાવી, સદરહુ

તહોમતનામાં લગત આંક – ૧૧ થી આરોપીનો જવાબ નોંધતાં આરોપીએ ચાર્જશીટ સાથેનાં તમામ પેપર્સની નકલ મળેલ હોવાનું જણાવેલ છે, તેમજ ગુન્હો કબૂલ નથી તેમ જણાવી કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરતા સદરહુ કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવી ફરિયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલો છે.

૬.) આરોપી વિરૂધ્ધ તહોમતનામુ ફરમાવ્યા બાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૩૧ અન્વયે ગુનો પુરવાર કરવા સારૂ નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો નોંધાવેલો છે.

## –: મૌખિક પુરાવો :–

| સાહેદ નંબર | આંક | સાહેદનુ નામ | સાહેદની કામગીરી |
|---|---|---|---|
| ૧. | ૧૬ | ભોગબનનાર | ફરિયાદી |
| ૨. | ૧૮ | ભોગબનનારના માતા | સાહેદ |
| ૩. | ૧૯ | ભોગબનનારના બહેન | સાહેદ |
| ૪. | ૨૪ | જગદીશભાઈ શાંતિભાઈ કાનેટીચા | સાહેદ |
| ૫. | ૨૭ | નટુભાઈ શામજીભાઈ જાદવ | પંચસાહેદ |
| ૬. | ૩૧ | ફીરોજભાઈ અનવરભાઈ સરવૈયા | પંચસાહેદ |
| ૭. | ૩૭ | વિનુબા પૃથ્વીસિંહ ગોહિલ | પી.એસ.ઓ. |
| ૮. | ૪૨ | રાજેન્દ્રભાઈ બોઘાભાઈ કરમટીયા | ત.ક.અધિકારી |

## –: દસ્તાવેજી પુરાવો :–

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૧૭ | ફરિયાદ |
| ૨. | ૨૫ | ભોગબનનારની શાળાના રજીસ્ટરની ખરીનકલ |
| ૩. | ૨૬ | ભોગબનનારનો શાળા છોડ્યાના દાખલાની ખરીનકલ |
| ૪. | ૨૮ | આરોપીની અટક કરી તેનુ શરીર સ્થિતિનુ પંચનામુ |
| ૫. | ૩૮ | ગુનો રજીસ્ટર કરવા અંગેની યાદી |
| ૬. | ૩૯ | સ્ટેશન ડાયરીનો ઉતારો |

| | | |
|---|---|---|
| ૭. | ૪૩ | એફ.આઈ.આર. |
| ૮. | ૪૪ | સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા કરેલ યાદી |

**૭.)** ઉપરોક્ત વિગતે ફરીયાદપક્ષ તરફથી મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કર્યા બાદ ફરીયાદપક્ષ તરફે પુરાવો પુરો થયા અંગે આંક- ૪૫ ની ક્લોઝીંગ પુરસીસથી જાહેર કરેલ છે. ત્યારબાદ ક્રિ.પ્રો.કોડની કલમ-૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન લેતાં કહેવાતો કોઇ ગુનો કરેલ ન હોય તેઓ નિર્દોષ હોય અને ખોટી રીતે ખોટા ગુન્હામાં સંડોવી દીધેલ છે. તેઓને હેરાન પરેશાન કરવા માટે ખોટી હકીકત ઉભી કરી તેઓ ઉપર ખોટી ફરિયાદ કરેલ છે. કહેવાતો કોઈ બનાવ બનેલ નથી. માત્ર તેઓને પાડોસમાં હેરાન પરેશાન કરવા માટે ખોટી ફરિયાદ કરેલ છે. તેઓ બનાવ અંગે કશુ જાણતા નથી. તેમજ બચાવના કોઇ સાહેદો તપાસવા નથી કે સોગંદ ઉપર જુબાની આપવાનો સ્પષ્ટ ઇન્કાર કરેલ છે.

**૮.)** ત્યારબાદ ફરીયાદપક્ષે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૩૪ હેઠળ વિ.એ.પી.પી.શ્રી કે.એમ.મકવાણા અને બચાવપક્ષે આરોપી તરફે વિદ્વાન ધારાશાસ્ત્રીશ્રી આર.એમ.મકવાણાની દલીલો સાંભળી, જે ધ્યાને લીધી.

**૮.૧)** ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી કે.એમ.મકવાણાએ દલીલ કરતાં જણાવેલ છે કે, આ કામના ફરિયાદી/ભોગબનનાર કે જેની જન્મ તારીખ ૨૭/૦૪/૨૦૦૪ છે તેણી સગીરવયની હોવાનુ જાણવા છતાં આરોપીએ ભોગબનનારને એકલી જોઈને એક કાગળની ચિઠ્ઠી નાખી, આરોપીનો મોબાઈલ નંબર હોવાનો ઈશારો કરેલ તેમજ આરોપી તા.૨૫/૦૬/૨૦૨૦ ના રોજ સવારે દસેક વાગ્યાના સુમારે ભોગબનનાર તેના ઘરે એકલી હતી ત્યારે તેના ઘરે જઈ ભોગબનનારની મરજી વિરૂદ્ધ તેણીનો હાથ પકડી તેણીની છેડતી કરી, શિક્ષાપાત્ર ગુનો કરેલો છે. જેથી ફરિયાદપક્ષે આરોપી સામેનો કેસ નિઃશંકપણે પુરવાર કરેલ હોય આરોપીને કાયદામાં દર્શાવેલ પુરેપુરી સખત સજા કરવી જોઇએ તેવી ભારપુર્વકની રજુઆત કરેલ છે.

૮.૨) જ્યારે બચાવપક્ષના વિદ્વાન વકીલશ્રી આર.એમ.મકવાણા દ્વારા બચાવ રજુ કરેલ છે કે, આ કામના ફરીયાદી જે ભોગબનનાર છે અને મહત્વના સાહેદ છે તેમ છતા તેઓના પુરાવાથી ફરિયાદપક્ષના કેસને મદદરૂપ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં ફરીયાદપક્ષે ભોગબનનારના માતા તથા બહેનને પણ સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે તેમના પુરાવાથી પણ ફરીયાદપક્ષના કેસને મદદરૂપ થાય તેવો કોઇ પુરાવો રજુ થયેલો નથી. આમ, સમગ્ર હકીકતે ફરિયાદપક્ષ આરોપી વિરૂદ્ધનું તહોમત પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે. વિદ્વાન વકીલશ્રીએ ભારપુર્વક દલીલ કરેલ છે કે, આરોપીને આ ગુનાના કામે ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે અને ફરીયાદપક્ષ આરોપી વિરૂધ્ધનો કેસ નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા ભારપુર્વક રજુઆત કરેલ છે.

૯.) સદર કેસના ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

૧.) શું ફરીયાદપક્ષે નિઃશંકપણે પુરવાર કરેલ છે કે, આ કામના ફરિયાદી/ભોગબનનાર કે જેની જન્મ તારીખ ૨૭/૦૪/૨૦૦૪ છે તેણી સગીરવયની હોવાનુ જાણવા છતાં આરોપીએ તા.૨૨/૦૬/૨૦૨૦ ના રોજ સવારના સમયે ભોગબનનાર ઘરે એકલી હાજર હતી ત્યારે ભોગબનનારને જોઈને એક કાગળની ચિઠ્ઠી નાખેલ અને આરોપીનો મોબાઈલ નંબર હોવાનો ઈશારો કરેલ. જેથી ભોગબનનારે તેની ફઈબા સવુબેનના મોબાઈલ ફોન પરથી આરોપીના મોબાઈલ પર ફોન કરીને કહેલ કે, આરોપીએ તેના ઘરમાં કે તેની તરફ તેવા કોઈ નંબરની ચિઠ્ઠી નાખવી નહી તેમ છતાં આરોપી માનેલ નહી. આરોપી તા.૨૫/૦૬/૨૦૨૦ ના રોજ સવારે દસેક વાગ્યાના સુમારે ભોગબનનાર તેના ઘરે એકલી હતી ત્યારે તેના ઘરે જઈ તેણીનો હાથ પકડી તેણીની છેડતી કરવા લાગેલ અને તે સમયે ભોગબનનારની બહેન અનિતા તેમના ઘરે આવી જતાં આરોપી તેને જોઈને ઘરમાંથી ભાગી ગયેલ. આમ, આરોપીએ ભોગબનનારની મરજી વિરૂદ્ધ તેણીનો હાથ પકડી તેણીની

છેડતી કરી, આરોપીએ ઈ.પી.કો.કલમ – ૩૫૪ (એ) તથા પોક્સો એક્ટની કલમ – ૮, ૧૨ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલો છે?

**૨.)** શું હુકમ?

ઉપરોક્ત મુદ્દાઓના મારા **નિર્ણયો** નીચે મુજબ છે.

૧.) નકારમાં

૨.) આખરી હુકમ મુજબ.

ઉપરોક્ત નિર્ણયો અંગેના મારા **કારણો** નીચે મુજબ છે.

**–: કારણો :–**

**૧૦.)** સદરહુ કામે ફરિયાદપક્ષે આરોપી વિરૂદ્ધનો કેસ સાબિત કરવા માટે સૌપ્રથમ **સાહેદ નં. ૧ ફરિયાદી/ભોગબનનારને આંક – ૧૬** થી સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તેણીની જન્મ તારીખ ૨૭/૦૪/૨૦૦૪ ની છે. ફરિયાદ કરવા ગયા તેના બે ત્રણ દિવસ પહેલા તેણી તેમના ઘરે એકલી હતી ત્યારે વિરલ મનુભાઈ વાળાએ તેણીના ઘરમાં ચિઠ્ઠી નાખેલી. ચિઠ્ઠીમાં નંબર હતો. તેણીના ફોઈના ફોનમાંથી ચિઠ્ઠીવાળા નંબરમાં ફોન કરેલ અને વિરલને તેણીએ કહેલ કે, આજ પછી તું ઈશારા ન કરતો અને ચિઠ્ઠી ન નાખતો. બનાવ તા. ૨૫/૦૬/૨૦૨૦ ના રોજ સવારના ૧૦ વાગ્યે બધા કામે જતા રહેલ અને તેણી ઘરે એકલી હતી ત્યારે વિરલ તેમના ઘરે આવેલો અને તેણીનો હાથ પકડી જબરદસ્તી કરવા લાગેલ અને તેણીના બેન અનિતા આવી ગયેલ. અનિતા આવી એટલે તેને જોઈને આરોપી ત્યાંથી ભાગી ગયેલ. પછી કિરણ પણ આવેલી. બંને બહેનોને તેમણે બનાવની વાત કરેલ. તેણીના માતા–પિતાને ફોન કરીને ઘરે બોલાવેલ અને તેઓને વાત કરેલ. ત્યારબાદ કેસ કરવા ગયેલા. તેણીનો ભાઈ મહેશ અને બનેવી પંકજ બધા પોલીસ સ્ટેશને ફરિયાદ કરવા ગયેલા. ફરિયાદ તેણીએ લખાવેલ. ભોગબનનારને તેમની ફરિયાદ બતાવતા, તેમાં પોતાની સહી ઓળખી બતાવી, સદરહુ ફરિયાદ આ કામે આંક –૧૭ થી રજુ રાખેલ છે. તેણીને ચાર્જશીટમાંથી આરોપીનો ફોટો બતાવતા તે તેણી ઓળખી બતાવે છે.

આરોપી તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે, તેમની બેન કિરણ ઉર્ફે ગીતાએ છેડતી અંગેની ફરિયાદ અશોકભાઈ કાનજીભાઈ ખસીયા પરમારની વિરૂદ્ધ કરેલી. તેમની મોટી બેન અનિતાએ પણ છેડતી અંગેની ફરિયાદ પંકજભાઈ ઈશ્વરભાઈ કણઝરીયાવાળાઓ વિરૂદ્ધ કરેલી. કોઈ છોકરો છેડતી કરે કે હાથ પકડે તો ફોન કરીએ તો મહિલા પોલીસ આવી જાય છે. તેમની ફરિયાદમાં આ કામના આરોપીએ તેણીનો જમણો હાથ પકડેલ કે ડાબો હાથ પકડેલ તે લખાવેલ નથી. સાહેદ જણાવે છે કે, હાથ પકડેલ તે લખાવેલ છે. તેમની ફરિયાદમાં જે ફોન નંબર ચિઠ્ઠીમાં લખેલ હતો તે નંબર લખાવેલ નથી. તેણીના પિતાજી જમીન લે–વેચનું કામ કરે છે. તેણી જે મકાનમાં રહે છે તે બે માળનું મકાન છે. તેમનુ મકાન નીચે બે રૂમ અને ઉપર એક એમ ત્રણ રૂમવાળું છે. તેમના મકાનમાં દરેક રૂમને એક એક દરવાજો છે. ઘરમાં જીવન જરૂરિયાતની વસ્તુઓ જેવી કે ટી.વી., ફ્રીજ છે. સામાન્ય રીતે ઘરે એકલા હોઈએ ત્યારે દરવાજો બંધ રાખવો જોઈએ.

– આ કામના ભોગબનનારની સમગ્ર જુબાની જોતાં તેઓના જણાવ્યા અનુસાર તેણી ઘરે એકલી હતી ત્યારે આરોપીએ મોબાઈલ નંબર વાળી ચિઠ્ઠી તેમના ઘરમાં નાખેલી તેમજ તા.૨૫/૦૬/૨૦૨૦ ના રોજ સવારના ૧૦ વાગ્યે આરોપીએ તેણીના ઘરમા જઈ તેણીનો હાથ પકડી જબરદસ્તી કરવા લાગેલ હોવાની હકીકત જણાવે છે. પરંતુ સદરહુ ચિઠ્ઠીમાં જણાવેલ મોબાઈલ નંબર ભોગબનનારે પોતાની ફરિયાદમાં જણાવેલ નથી કે સદરહુ ચિઠ્ઠી આ કામે પુરાવા તરીકે કબજે કરવામાં આવેલ નથી. વિશેષમાં, આરોપીએ તેણીનો ડાબો હાથ પકડેલો કે જમણો તે બાબતે પણ પોતાની ફરિયાદમાં કોઈ સ્પષ્ટતા કરેલ નથી. વિશેષમાં સદરહુ બનાવ દિવસે ૧૦ વાગ્યે બનેલો અને ભોગબનનારના ઘરનો વિસ્તાર વસ્તીવાળો વિસ્તાર છે તેમ છતાં કોઈ ત્રાહિત વ્યક્તિએ આરોપીને તેણીના ઘરમાં જતા જોયેલ હોય તેવુ પણ બનેલ નથી. ફક્ત બનાવ વખતે તેમની બે બેનો આવી ગઈ હોવાનુ જણાવેલ છે પરંતુ તે ભોગબનનારના સગા હોવાથી રસ ધરાવતા સાક્ષી ગણી શકાય. વધુમાં ભોગબનનારે પોતાની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલ છે કે, ભોગબનનારની બંને મોટી બહેનો

એ અગાઉ અન્ય વ્યક્તિઓ વિરૂદ્ધ છેડતીની ફરિયાદો દાખલ કરેલી છે. જેથી પણ ભોગબનનારના કુટુંબ દ્વારા અવારનવાર આવી ફરિયાદો કરવામાં આવેલ, જે જોતા પણ ફરિયાદી/ભોગબનનારની વિશ્વસનીયતા પર શંકા ઉત્પન્ન થાય છે. જેથી સદરહુ ભોગબનનારના પુરાવા પર આધાર રાખી હાલના આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી.

૧૧.) ત્યારબાદ ફરિયાદપક્ષે **સાહેદ નં. ૨ ભોગબનનારના માતાને આંક–૧૮ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ભોગબનનાર તેની દીકરી થાય છે, જેની જન્મ તારીખ તેમને યાદ નથી. તેમની દીકરી સાથે જે બનાવ બનેલો તે વખતે તેની આશરે ૧૭ વર્ષ જેટલી ઉંમર હતી. બનાવ વખતે તેણી બહાર હતી અને તેમની દીકરી ઘરે એકલી હતી અને તેમની બીજી દીકરી ઘરે હતી તે વખતે આરોપી વિરલ ઘરે આવેલો અને તેણે તેમની ભોગબનનાર દીકરીનો હાથ પકડી લીધેલો. તે વખતે દેકારો થયેલો તેથી તે એના ઘરે જતો રહેલો. આ બાબતની જાણ તેઓ બહારથી ઘરે પરત આવતા તેમની બીજી દીકરીએ તેમને કરેલી. આ બાબતે તેમના પતિ સાથે તેઓ પોલીસ સ્ટેશનમાં ગયેલા અને આ બાબતની ફરિયાદ પોલીસ સ્ટેશનમાં આપેલી. તેમની ભોગબનનાર દીકરીએ તેમણે જણાવ્યું તે સિવાય બીજું કંઈ આરોપી બાબતે કહેલું નહીં. વિરલે તેમની ભોગબનનાર દીકરીનો હાથ પકડેલો તે બનાવ પહેલા બીજું કાંઈ થયેલું કે કેમ? એ પ્રશ્નના જવાબમાં સાહેદ જણાવે છે કે, બીજું કંઈ થયેલું ન હતું. આરોપીને તેણી નામદાર અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

સદરહુ સાહેદ પોતાના પોલીસ રૂબરૂના નિવેદન અનુસાર પુરાવો આપતા ન હોવાથી વિદ્વાન એ.પી.પી.શ્રીએ ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૫૪ મુજબ તેમને સુચક પ્રશ્નો પુછવાની પરવાનગી માંગતાં પરવાનગી આપવામાં આવેલી. વિદ્વાન એ.પી.પી.શ્રી એ ભારતીય ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૧૬૨ અન્વયે વિસંગતતા પુરવાર કરવા તેઓને સુચક પ્રશ્નો પુછેલા જેમાં તેઓએ સ્વીકારેલ છે કે,

તેણીએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં તેમની દીકરીને પૂછતા જણાવેલ કે તારીખ ૨૨/૦૬/૨૦૨૦ ના રોજ તે ઘરે એકલી હતી તે વખતે ઘરના ફળિયામાં ઊભેલી હતી ત્યારે બાજુમાં રહેતો વિરલ મનુભાઈ વાળાએ ઘરના ફળિયામાં તેને જોઈને એક કાગળની ચિઠ્ઠી નાખેલી તે ચિઠ્ઠીમાં તેનો મોબાઈલ નંબર હતો અને તેમની દીકરી તરફ ઈશારો કરીને તે જતો રહેલ હતો.

આરોપી તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે, તેમની દીકરીના સાથેના બનાવની બાબત તેણીએ નજરે જોયેલી નથી. તેણીના ઘરના દરવાજા સૂર્ય આથમે તે દિશામાં ખુલે છે. તેમના ઘરમા ઘર વખરી આવેલી છે. જો ઘરમાં ચોરી થાય તો તે બાબતની તરત પોલીસમાં ફરિયાદ કરીએ.

– ઉપરોક્ત સાહેદના જણાવ્યા અનુસાર આરોપી તેમના ઘરે આવેલો અને તેમની દીકરીનો હાથ પકડી લીધેલો જેથી તે વખતે દેકારો થતા આરોપી જતો રહેલો અને આ બાબતની જાણ તેણી ઘરે આવતા તેમની દીકરીએ તેમને કરેલી. પરંતુ આવી કોઈ હકીકત ભોગબનનાર તેમના પુરાવામાં જણાવતા નથી. ભોગબનનારના જણાવ્યા અનુસાર તેઓએ તેમના માતા પિતાને ફોન દ્વારા વાત કરેલી જ્યારે સદરહુ સાહેદ તેઓ ઘરે આવતા ભોગબનનારે તેમને બનાવની વાત કરેલ હોવાનુ જણાવે છે. વધુમાં બનાવ સમયે દેકારો થયેલ હોવાની હકીકત પણ ભોગબનનાર તેમના પુરાવા દરમિયાન જણાવતા નથી. જેથી ભોગબનનાર તેમજ સદરહુ સાહેદના પુરાવામાં મહત્વની વિરોધાભાસી હકીકતો જણાય આવે છે. વધુમાં, સદરહુ સાહેદે બનાવ નજરે જોયેલ નથી જેથી બનાવ અંગેની તેઓને ચોક્કસ માહિતી નથી. જેથી આ સાહેદના પુરાવા પર આધાર રાખી શકાય નહી.

**૧૨.)** ત્યારબાદ ફરિયાદપક્ષે **સાહેદ નં. ૩ ભોગબનનારના બેનને આંક–૧૯ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, ભોગબનનાર તેમની નાની બેન થાય છે, જેની જન્મ તારીખ તેમને યાદ નથી. તેમની બેન સાથે જે બનાવ બનેલો તે વખતે તેણી આશરે ૧૭ વર્ષની આજુબાજુની

હશે. બનાવ વખતે તેણી તેમના પપ્પાના ઘરે હતી. તે વખતે એવુ બનેલુ. આરોપી તેમના પપ્પાના ઘરે ડેલો ખોલી તેમની ભોગબનનાર બેનને નંબર દેવા ગયો ત્યારે તેણી પણ તેની પાછળ ગયેલ. તે વખતે બપોરના આશરે ૧:૦૦ વાગ્યાનો સમય હશે. તે વખતે આરોપીના માતા–પિતાને બોલાવેલા અને આ બાબતે વાત કરેલી તો આરોપીનો ભાઈ વિશાલ અને વિપુલ તેમના પપ્પાને મારવા આવેલો. તેણીએ તેમની ભોગબનનાર બહેનને બનાવ બાબતે પુછતા તેણે જણાવેલુ કે, 'આરોપી તેણીને કાગળમા લખીને નંબર આપવા આવેલો અને ભોગબનનાર બહેનને કહેલ કે, મને ફોન કરજે અને એવુ પણ જણાવેલ કે, આરોપીએ તેણીનો હાથ પકડેલો.' બનાવની ફરિયાદ તેમના મમ્મી પપ્પાએ આપી હશે. આરોપીને તેણી નામદાર અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

આરોપી તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે, તેણી બનાવ વખતે તેમના પતિ સાથે તુરખા રોડ પર ગગજીની ઝુપડી પાસે આવેલ મકાનમાં રહેતી હતી. તેણીએ આરોપીનો મોબાઇલ નંબર શું છે તે જોયેલ નહી. કહેવાતી ચિઠ્ઠીમાં લખેલો નંબર તેણીએ જોયેલો નહી.

– ઉપરોક્ત સાહેદના જણાવ્યા અનુસાર આરોપી બનાવ બપોરે ૧.૦૦ વાગ્યાની આસપાસ બન્યો હતો જ્યારે ભોગબનનારની જુબાની મુજબ બનાવ સવારે ૧૦:૦૦ વાગ્યે બન્યો હતો. જેથી ભોગબનનાર તથા હાલના સાહેદનો પુરાવો જોતા બનાવના સમય અંગે વિરોધાભાસ જણાય આવે છે. વધુમાં, બનાવ વખતે આરોપીના માતા–પિતાને બોલાવેલા અને બનાવ અંગેની વાત કરતા આરોપીનો ભાઈ વિશાલ અને વિપુલ તેમના પપ્પાને મારવા આવેલા તેવી હકીકત પોતાની જુબાની જણાવે છે. જો કે આવી કોઈ હકીકત ભોગબનનાર કે તેમના માતાએ તેની જુબાની કે ફરિયાદમાં જણાવેલ નથી. જેથી ખરેખર બનાવ શુ બનેલ તે અંગે પણ ભોગબનનાર તેમના માતા તેમજ આ સાહેદના પુરાવામાં વિરોધાભાસી હકીકતો રેકર્ડ ઉપર આવેલ છે. વધુમાં, તેણી બનાવ સમયે હાજર હતી તેમ છતા તેણીએ ચિઠ્ઠીમાં લખેલો નંબર જોયો નથી કે આરોપીનો મોબાઈલ નંબર શું છે તેની તેને જાણ નથી. જો ખરેખર ચિઠ્ઠી આપી હોય

અને સાક્ષી ત્યાં હાજર હોય, તો નંબર કે ચિઠ્ઠી અંગેની પ્રાથમિક જાણકારી આ સાહેદને હોવી સ્વાભાવિક છે. જેથી આ સાહેદનો પુરાવો શંકા ઉપજાવે તેવો હોય, આ સાહેદના પુરાવા પર આધાર રાખી શકાય નહી.

૧૩.) ફરિયાદપક્ષે **સાહેદ નં. ૪ જગદીશભાઈ શાંતિભાઈ કાનેટીયાને આંક – ૨૪ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૨૫/૦૮/૨૦૧૨ થી તેઓ શ્રી મહાત્મા ગાંધી પ્રાથમિક શાળા નં.૫, સહકારનગર વિસ્તાર, બોટાદ ખાતે આચાર્ય તરીકે ફરજ બજાવે છે. તેઓએ જી.આર.નં.૧૪૦૪૭ તથા ચોપડા નં.૧૪ વાળુ તેમની શાળાના જનરલ રજીસ્ટરની ખરીનકલ આંક – ૨૫ થી તથા એલ.સી. ની ખરીનકલ આંક – ૨૫ થી રજુ રાખેલ છે. જેમા ભોગબનનારની જન્મતારીખ ૨૭/૦૪/૨૦૦૪ છે. સદર ભોગબનનાર તેમની શાળામાં તા.૦૯/૦૬/૨૦૧૪ ના રોજ ધોરણ–૫ માં દાખલ થયેલા અને સને ૨૦૧૮ માં તેઓ ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ પુર્ણ કરેલ હોય અને આગળ અભ્યાસ અર્થે તેઓનું એલ.સી. તેમની શાળા તરફથી કાઢી આપવામાં આવેલુ.

સદરહુ સાહેદની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે, તા.૨૫/૦૮/૨૦૧૨ થી તેઓ શ્રી મહાત્મા ગાંધી પ્રાથમિક શાળા નં.૫, સહકાર નગર વિસ્તાર, બોટાદ ખાતે આચાર્ય તરીકે ફરજ બજાવે છે. ભોગબનનારે શાળામા જયારે એડમીશન લીધેલુ ત્યારે તેમની હાજરીમા કોઈ ફોર્મ ભરેલ નથી. ભોગબનનારની અટક ચુવાણ લખેલ છે અને ચૌહાણ લખેલ નથી અને તેણીના પિતાનુ નામ નારણભાઈ લખેલુ છે નારાયણભાઈ લખેલ નથી. ભોગબનનારની જન્મતારીખ અંગે તેઓએ જાતે કોઈ ખરાઈ કરેલ નથી, સાહેદ જણાવે છે કે, શાળા નં.૬ ના રજીસ્ટરના ઉતારા પરથી શાળા નં.૫ ના રજીસ્ટરમાં ઉતારો થયેલ છે.

– ઉપરોક્ત સાહેદની જુબાની જોતાં તેઓ દ્વારા ભોગબનનારના શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં જણાવેલી જન્મતારીખ સંબંધે તેમની શાળાના રજીસ્ટરમાં ખરાઈ કરી પોલીસને પ્રમાણપત્ર આપવામાં આવેલું છે. પરંતુ આરોપીપક્ષ તરફે થયેલી

ઉલટતપાસ જોતાં તેઓએ ભોગબનનારની જન્મ તારીખ અંગે જાતે ખરાઈ કરેલ નથી. જેથી આ સાહેદને ભોગબનનારની જન્મતારીખ ક્યા દસ્તાવેજને આધારે તેઓના રજીસ્ટરમાં લખવામાં આવેલી તેની તેઓને કોઈ અંગત માહિતી હોવાનુ જણાય આવતુ નથી. તે સંજોગોમાં આંક – ૨૬ અન્વયે ભોગબનનારની જન્મતારીખ દર્શાવતુ જે શાળા છોડ્યાનુ પ્રમાણપત્ર રજુ થયેલ છે તેમાં ભોગબનનારની જન્મતારીખ ૨૭/૦૪/૨૦૦૪ ની હોવા અંગેનો કોઈ સમર્થનકારી પુરાવો આ સાહેદની જુબાની દ્વારા રજૂ થયેલ નથી કે જેના આધારે આ જન્મતારીખ સાચી હોવાનું પુરવાર થાય. તે સંજોગોમાં ફરિયાદપક્ષ આ સાહેદની જુબાનીને આધારે આંક – ૨૬ વાળું જન્મનુ પ્રમાણપત્ર સાબિત કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ રહેલ છે.

૧૪.) ત્યારબાદ ફરીયાદપક્ષે આ કામે **સાહેદ નં. ૫ પંચ નટુભાઈ શામજીભાઈ જાદવને આંક– ૨૭** થી તથા **સાહેદ નં. ૬ પંચ ફીરોજભાઈ અનવરભાઈ સરવૈયાને આંક – ૩૧ થી** તપાસેલ છે. જેઓએ આ કામે આંક – ૨૮ થી રજુ આરોપીની અટક કરી શરીરસ્થિતિના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. પરંતુ પંચનામાની હકીકતને સમર્થનકારી પુરાવો આપતા નથી. તેમજ તેમની હાજરીમાં આરોપીની અટક કરી તેમની આરોપીની શરીરસ્થિતિનુ પંચનામુ કરવામાં આવેલ નથી. તે સંજોગોમાં આંક – ૨૮ વાળુ આરોપીની અટક તથા શરીરસ્થિતિનુ પંચનામુ સાબિત કરવામાં ફરિયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે.

૧૫.) ફરિયાદપક્ષે **સાહેદ નં. ૭ પી.એસ.ઓ. વીનુબા પૃથ્વીસિંહ ગોહિલને આંક – ૩૭ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, ગઈ તા.૨૫/૦૬/૨૦૨૦ ના રોજ તેઓ બોટાદ ટાઉન પોલીસ સ્ટેશન ખાતે પી.એસ.ઓ. તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન પી.આઈ. આર.બી.કરમટીયાનાઓએ ફરીયાદીની તેમના રૂબરૂ લીધેલ ફરીયાદ અંગે ગુન્હો રજીસ્ટર કરવા માટે યાદી કરેલી. તેઓએ ફરીયાદના આધારે બોટાદ પોલીસ સ્ટેશનના ગુ.ર.નં.૧૯૧૬/૨૦૨૦ થી સદર ગુન્હાની સ્ટેશન ડાયરીમાં નોંધ

તા.૨૫/૦૬/૨૦૨૦ ના રોજ ક્રમ નં.૩૨ થી નોંધેલ છે જે સ્ટેશન ડાયરીનો ઉતારો આ કામે આંક – ૩૯ થી રજુ રાખેલ છે. તેમજ આગળની તપાસ બી. એલ. રાવલ નાઓને સોંપેલી.

સદરહુ સાહેદની આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓ જણાવે છે કે, તેઓએ ફરીયાદ નોંધવા સિવાય બીજી કોઇ કામગીરી કરેલ નથી. ફરીયાદીએ તા.૨૨/૦૬/૨૦૨૦ ના રોજ કોઈ ફરીયાદ લખાવેલ નથી. ફરીયાદ ફરીયાદીની બહેન તેમના ઘરે આવી જતા ફરીયાદ નોંધાવેલ હોવાનું તેઓએ જણાવેલ.

– ઉપરોક્ત સાહેદે આ કામે ફરિયાદ નોંધવા સિવાય બીજી કોઈ કામગીરી કરેલ નથી. જેથી આ સાહેદના પુરાવા પર આધાર રાખી શકાય નહી.

**૧૬.)** ત્યારબાદ ફરિયાદપક્ષે **સાહેદ નં. ૮ તપાસ કરનાર અમલદાર રાજેન્દ્રભાઈ બોઘાભાઈ કરમટીયાને આંક – ૪૨ થી** સોગંદ ઉપર તપાસેલા છે. તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૨૫/૦૬/૨૦૨૦ ના રોજ તેઓ બોટાદ ટાઉન પોલીસ સ્ટેશન ખાતે ઈ.ચા.પી.આઈ. તરીકે ફરજ પર હતા તે વખતે ફરીયાદીએ તેની સાથે જે બનાવ બનેલ તેની ફરીયાદ હકીકત તેઓ રૂબરૂ જાહેર કરતા તેઓએ લખાવ્યા મુજબની ફરીયાદ લખી લીધેલી. જે ફરીયાદ આ કામે આંક–૧૭ થી રજુ છે જેમાં પોતાની તથા ફરીયાદીની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. ત્યારબાદ ફરીયાદ મુજબનો ગુન્હો દાખલ કરવા પી.એસ.ઓ.ને યાદી કરેલી. જે યાદી આ કામે આંક–૩૮ થી રજુ છે. પી.એસ.ઓ. તરફથી ગુન્હો રજીસ્ટર કરેલો જે એફ.આઈ.આર. આ કામે રજુ રાખેલ છે, જે સાહેદને બતાવતા તેમાં પી.એસ.ઓ. બોટાદની સહી ઓળખી બતાવી, આંક – ૪૩ થી રજુ રાખેલ છે. ત્યારબાદ ફરિયાદ દાખલ થયા બાદ તપાસ સંભાળવાની યાદી મળતા આ ગુન્હાની તપાસ સંભાળેલી. ફરીયાદીએ તેની ફરીયાદ સાથે તેના જન્મનો દાખલો રજુ કરેલો જે આ કામે આંક–૨૬ થી રજુ છે. ત્યારબાદ આ કામે તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલા. ભોગબનનારનું નિવેદન લીધેલુ. આરોપીને ગુન્હાના કામે અટક કરેલો જે બદલ સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા યાદી કરેલી. તેમજ આરોપીને અટક પંચનામાની વિગતે

અટક કરેલ જે અટક પંચનામુ આ કામે આંક–૨૮ થી રજુ છે જે સાહેદને બતાવતા તેમાં પોતાની તથા પંચોની સહી ઓળખી બતાવે છે. તેમજ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલુ. સદરહુ સાહેદ આરોપીને નામદાર અદાલત રૂબરૂ ઓળખી બતાવે છે.

આરોપી તર્ફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે, કહેવાતો બનાવ સવારમાં બનેલો. ફરીયાદ સાંજના સાડા છ વાગ્યે આપેલી. એફ.આઈ.આર. ના કોલમ–૮ મા ફરીયાદ મોડી આપવાનુ કારણ જણાવેલ નથી. ફરીયાદ સાથે જે જન્મતારીખનો દાખલો આપેલ તેમા ભોગબનનારનું નામ ચુ... લી... ના... લખેલ છે જ્યારે ફરીયાદીનુ નામ ફરીયાદ મુજબ ચૌ... લી... ના... છે. આ નામ અલગ પડતા હોય તેવુ કોઇ લખાણ ભોગબનનાર પાસેથી લીધેલ નથી. સદર બન્ને નામો સરખા જ છે પંરતુ અભણ લોકો ચુ... નામ... એવી રીતે બોલતા હોય છે. આંક–૨૬ વાળા શાળા છોડ્યાના દાખલામા માતાનુ નામ જણાવેલ નથી. તેઓએ ભોગબનનારના જન્મનો દાખલો બોટાદ નગરપાલીકા તરફથી મેળવેલ નથી. ભોગબનનારે તા.૨૨/૦૬/૨૦૨૦ ના રોજ કોઈ ફરીયાદ આપેલ નહી. આ કામે તેઓએ કોઇ ચીઠ્ઠી જે આરોપીએ ફેકેલ હોય તેવી મેળવેલ નહી. ભોગબનનારે તેના કુઇનો નંબર ફરીયાદમા જણાવેલ નથી. ભોગબનનારના કુઇની કોઇ કોલ ડીટેઈલ આ કામે રજુ રાખેલ નથી. ભોગબનનારે તેની ફરીયાદમા આરોપીએ તેનો કયો હાથ પકડેલ હતો તે હકીકત જણાવેલ નથી. આ કામે ગુન્હાવાળી જગ્યાનુ પંચનામુ કરેલ નથી. ગુન્હાવાળી જગ્યાએ ઘણા બધા રહેણાંકના મકાન છે.

– ઉપરોક્ત તપાસ કરનાર અમલદારશ્રીઓની સમગ્રપણે જુબાની જોતાં તેઓએ ત.ક.અધિકારી તરીકે તેમની ફરજના ભાગ રૂપે કરવી પડતી કાર્યવાહી કરેલાની હકીકત રેકર્ડ ઉપર આવે છે. વિશેષમાં, તેઓએ ભોગબનનારનો જન્મતારીખનો દાખલો બોટાદ નગરપાલિકા તરફથી મેળવેલ નથી. વધુમાં, તેઓએ આ કામે આરોપીએ જે મોબાઈલ નંબર વાળી ચિઠ્ઠી ફેકેલ તેવી કોઈ ચિઠ્ઠી તપાસના કામે કબજે કરેલ નથી કે બનાવવાળી જગ્યાનુ કોઈ પંચનામુ પણ કરેલ નથી. વધુમાં સદરહુ તપાસ કરનાર અમલદારે ભોગબનનારે તેમના ફઈના ફોનમાંથી આરોપીના નંબર પર ફોન કરેલો તે ફોનની કોઈ કોલ ડીટેઈલ આ કામે રજુ રાખેલ નથી. આમ,

સદરહુ તપાસ કરનાર અમલદારની તપાસમાં મહત્વની ખામી જણાય આવે છે. જેથી તપાસ કરનાર અધિકારીશ્રી દ્વારા જે તપાસ કરવામાં આવેલી છે તે આરોપીને સજા કરી શકાય તેટલી પૂરતી જણાતી નથી અને તેઓની તપાસને કોઈપણ પ્રકારનું સમર્થન પ્રાપ્ત થતુ નથી. જેથી ઉપરોક્ત તમામ હકીકતો લક્ષમાં લેતાં ફરિયાદપક્ષ આરોપી વિરૂદ્ધનો કેસ સાબિત કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ રહેલ હોય, મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં ઠરાવવામાં આવે છે.

**<u>મુદ્દા નં. ૨</u>**

**૧૭.)** ઉપરોક્ત મુદ્દા નં. ૧ માં કરવામાં આવેલ ચર્ચાની હકીકત ધ્યાને લેતાં ફરિયાદપક્ષ આરોપી વિરૂદ્ધનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ રહેલ હોય, મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**-: હુકમ :-**

**૧.)** આરોપી વિરલભાઈ મનુભાઈ વાળા, રહે. બોટાદ કાદરશેઠની વાડી, તા.જી. બોટાદને ઈ.પી.કો. કલમ– ૩૫૪ (એ) તથા પોક્સો એક્ટની કલમ –૮, ૧૨ મુજબના શિક્ષાને પાત્ર ગુનામાંથી ક્રિ.પ્રો.કોડની કલમ–૨૩૫(૧) મુજબ શંકાનો લાભ આપીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.)** આરોપીના જામીન તથા જામીનખત આથી રદ્દ કરવામાં આવે છે.

**૩.)** આ કામે ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ આરોપીએ રૂ.૧૫,૦૦૦/– (અંકે રૂપીયા પંદર હજાર પુરા) નો એક સધ્ધર જામીન અને તેટલી જ રકમનો જાતમુચરકો ભરી આપવાનો રહેશે.

હુકમ આજ તા. ૩૦ મી એપ્રિલ, ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરીને જાહેર કર્યો.

તા.૩૦/૦૪/૨૦૨૬
મુ. બોટાદ.

**(જયેશકુમાર કનુભાઇ પ્રજાપતિ)**
એડીશનલ સેશન્સ જજ તથા
સ્પે. પોક્સો જજ, તા. જી. બોટાદ.
(કોડ નં. જી.જે. ૦૦૫૯૮)

જે.કે.કછોટ